ગાંધીનગર સમાચાર

તા. ૨૫-૯-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### આવ્યાં નવલાં નોરતાં!

નવરાત્રી પર્વ એ શક્તિ અને ઉપાસનાનું પર્વ છે. ચૈત્રી નવરાત્રી કરતાં પણ શારદીય નવરાત્રનો વિશેષ મહિમા થતો રહ્યો છે. ઊતરતા ચોમાસાની આસોની રાત્રિઓ શુભ્ર ચાંદની વરસાવતી હોય અને જોબન હેલે ચડ્યું હોય - એ આખો માહોલ જ અવર્ણનીય છે. આખી આખી રાતના ઉજાગરા છતાં તન-મન ચેતનાથી તરબતર. આ દિવસોમાં હાજરાહજૂર જગજનની જ જાણે વિધવિધ વેશે ગરબા ગાવા ઊતરી પડતાં હોય એવું રોમંચક વાતાવરણ સરજાય છે. પર્વના દિવસોની પૂર્ણાહૂતિ દીપોત્સવી સ્વરૂપે થાય તે પહેલાં આખેઆખું બ્રહ્માંડ નવલખ દીવડાઓથી ઝળહળી ઊઠે, એ પ્રકારની ઉત્સવ યોજના કરનાર ભારતીય ઋષિમુનિઓ - ચિંતકોની કલ્પના શક્તિ કેવી બળૂકી છે! આ માતૃકા પર્વ છે, અહિં શક્તિનો મહિમા છે. શ્રાવણ શિવ ઉપાસનાનો મહિમા છે એમ ભાદરવો અને આસો શક્તિ ઉપાસનાના માસ છે. સેંકડો માઇલની પગપાળા ખેપ કરીને માતાનાં સાંનિધ્યમાં પહોંચનારા લાખો નરનારીના ચિત્તમાં એવું તે કેવું અજવાળું થતું હશે કે એ વરસતાં વરસાદમાં પણ ઘોર જંગલની પગદંડીઓ પર આગળ ને આગળ ધપતાં રહે છે? ભાદરવી પૂનમના શક્તિપર્વ પછી શ્રાદ્ધનું વેકેશન પાળી ફરી પાછાં માઇનાં બાળુડાં નવરાત્રીના ગરબા ગાવા થનગની રહે છે. છેલ્લા કેટલાંક વર્ષોથી નવરાત્રીએ ગુજરાતની સીમા વટોળીને દેશ અને દુનિયાના ખૂણે ખૂણે માતૃશક્તિના રાસ ગરબા રમવા મૂક્ય છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી જેવા માઇભક્તો માટે નવરાત્રી એ શક્તિસંચયનું પર્વ છે નકોરડા ઉપવાસ રાખીને માઇભક્તો એમના ચિત્તનું દર્પણ સાફ કરે છે. નવરાત્રીના અંતિમ દિવસે નીકળતી માતાજીની પલ્લી પણ વિજયયાત્રાનું જ પ્રતીક છે. આપણે નવા યુગ સંદર્ભે નવરાત્રી ઉત્સવને યૌવનને નવી ક્ષિતિજો આંબવા માટેની, નવાં નિશાન સર કરવાની મનોવૃત્તિના - દિગ્વિજય પર્વ તરીકે આપણે આપણી જ અંદર બેઠેલાં અહંકાર-મદ-મોહ અને વિકૃત ઇચ્છાઓના પ્રતીક સમા રાવણનું દહન કરવાનું છે. ગાંધીનગરની નવરાત્રી હવે ઇન્ટરનેશનલ બની ચૂકી છે. બલકે એક સરકારી વસાહતમાંથી ગરવી ગુર્જરનગરી તરીકેની ઓળખ સંપડાવવામાં પણ ગાંધીનગરની નવરાત્રીનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. સૌને શુભ નવરાત્રી!

## કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગમાં જિલ્લા કાનૂની સત્તામંડળ અને જિલ્લા ન્યાયાલય દ્વારા કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં કાનૂની સહાય તથા મહીલાઓનો કાયદા વિશે અને બાળકોના કાયદા અને અધિકાર વિશે ચર્ચા કરવામાં આવી.

જિલ્લાના અધિકારીઓમાં એમ.એન. ઉકાણીએ બાળકોના કાયદા અને અધિકારો વિશે માહિતી આપી હતી. પી.એમ. પટેલે મહિલાઓના કાયદા તેમાં બાળલગ્નો, ઘરેલુ હિંસા વગેરે વિશે માહિતી આપી. સંજયભાઈ પટેલે જે.જે. બોર્ડ એક્ટ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ગાયત્રીબેને પોસ્કો-આઈસીપીએસ સ્કીમની વિસ્તૃત જાણકારી આપી હતી.

આ શિબિરમાં કોલેજની ૩૦૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. કોલેજના તમામ સ્ટાફ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ભાસ્કરભાઈ કાપડિયાએ આભાર વિધિ કરી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. ભાવિષાબેન પટેલે કર્યું હતું.



સેક્ટર-૫-એ માં આવેલ શ્રી શિવશક્તિ મંદિરમાં અમાસના રોજ પિતૃના મોક્ષાર્થે શ્રી સત્યનારાયણ ભગવાનની સમુહ કથાનું આયોજન કરેલ. જેમાં સમુહમાં કુલ ૫૬ બહેનોએ કથાનો લાભ લીધેલ. (તસવીર : દિપક જાની)

### સે-૨૧ હવેલી મંદિરમાં દર્શનના સમયમાં ફેરફાર

સે-૨૧માં આવેલી ગોવર્ધનનાથજીની હવેલી મંદિરમાં દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. મંદિર ખાતે આજથી મંગળા આરતી સવારે ૭.૩૦ થી ૮.૦૦, શૃંગાર ૯.૩૦ થી ૧૦.૦૦, રાજભોગ ૧૧ થી ૧૧.૩૦, ઉત્થાપન ૪ થી ૪.૦૫, સંધ્યાઆરતી ૪.૩૦ થી ૫.૦૦ અને શયન આરતી ૬.૦૦ થી ૬.૩૦ દરમિયાન યોજવામાં આવશે તેમ ગાંધીનગર વૈષ્ણવ સમાજના મંત્રીશ્રીએ જણાવ્યું છે.

### ફરતા ગરબા યોજાશે

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા ફરતા ગરબા યોજવામાં આવ્યા છે. તા. ૨૬ શુક્રવાર બીજા નોરતે બપોરે ૨-૦૦ વાગે બલરામ ભવન સે-૧૨ ખાતે યોજવામાં આવશે. ફરતા ગરબામાં ભાગ લેવા નગરની ગરબા પ્રેમી બહેનોને પ્રમુખ શ્રીમતી શર્મિષ્ઠાબેન દવેએ જણાવ્યું છે.

### સે-૧૩ની પ્રાઈવેટ પ્લોટ નવરાત્રી સમિતિની વરણી

સેકટર-૧૩-બી પ્રાઈવેટ પ્લોટ વસાહત મંડળની સાધારણ સભા યોજાઈ હતી. જેમાં નવરાત્રી મહોત્સવના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે હિતેશભાઈ પાઠક, ઉપપ્રમુખ તરીકે ભરતભાઈ પટેલ અને જોઈતાભાઈ પ્રજાપતિ, મંત્રી પદે દિનેશભાઈ પંચાલ, સહમંત્રી તરીકે નંદકિશોરભાઈ પટેલ, ખજાનચી તરીકે દશરથભાઈ પ્રજાપતિ, સાંસ્કૃતિક મંત્રી તરીકે સંદીપભાઈ પાટીલ અને ટી.સી. શેઠ આંતરિક ઓડિટર તરીકે ચંદ્રકાન્તભાઈ પટેલ અને કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી.

## પોલીટેકનિક ખાતે છેડતીની ઘટના સમયે સીસીટીવી બંધ

### સીસીટીવી કેમેરા માત્ર શોભાના ગાંઠિયા સમાન જ બન્યા

અમદાવાદ, તા.૨૪

અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં આવેલ સરકારી પોલીટેકનિક કોલેજમાં માથાભારે તત્વો દ્વારા મહિલા પ્રોફેસર અને વિદ્યાર્થીનીઓની છેડતીની ઘટના બની હતી ત્યારે કોલેજમાં સીસીટીવી કેમેરા બંધ હતા, જેના કારણે કોલેજમાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરા માત્ર શોભાના ગાંઠીયા સમાન પુરવાર થયા હોવાનું સાબિત થયું છે. ત્યારે આ ઘટનાથી સબક લઈ હવે જે કોલેજોમાં સીસીટીવી કેમેરા હોય તે સતત ચાલુ રાખવાની માંગ ઉઠવા પામી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ શહેરના આંબાવાડી વિસ્તારમાં આવેલી સરકારી પોલીટેકનિક કોલેજમાં ગત સપ્તાહે માથાભારે તત્વો દ્વારા મહિલા પ્રોફેસર અને વિદ્યાર્થીનીઓ સાથે બિભત્સ હરકતો કરવાની ગંભીર ઘટના બની હતી. પોલીસે આ મામલાને ગંભીરતાથી લઈ બિભત્સ હરકત કરનાર ત્રણેય વિદ્યાર્થીઓની ધરપકડ કરી લીધી છે. જો કે ચોંકાવનારી વિગત એવી છે કે જ્યારે આ ઘટના બની જ્યારે કોલેજમાં લગાવવામાં આવેલા સીસીટીવી બંધ હાલતમાં હતા. જેતી આ ઘટનાના સીસીટીવી ફુટેજ પ્રાપ્ત થઈ શક્યા નથી. જો કે આ સમયે સીસીટીવી કેમેરા ચાલુ હોત તો આવા માથાભારે તત્વોની હરકતો કેમેરામાં કેદ થઈ શકી હોત જે તેમની સામેના કેસમાં મજબુત પુરાવા સાબિત થઈ શકત પરંતુ કમનસીબે આ શક્ય બન્યું નથી. આ અંગે પોલીટેકનિક કોલેજના આચાર્ય દીયાકંર દવેએ જણાવ્યું હતું કે ટેકનિકલ ખામીના કારણે માથાભારે તત્વો દ્વારા મહિલા પ્રોફેસર અને વિદ્યાર્થીનીઓ સાથે બિભત્સ હરકતની ઘટના બની ત્યારે કેમેરા બંધ હતા ત્યારે આ કેમેરાઓને રિપેર કરાવવાની કામગીરી અત્યારે ચાલી રહી છે ટુંક સમયમાં જ સીસીટીવી કેમેરા ચાલુ કરી દેવાશે.

જો કે આ ઘટનાના પગલે વાલીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. વાલીઓ દ્વારા સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે કે જો કોલેજમાં કેમેરા હતા તો શા માટે ચાલુ રાખીને મોનીટરીંગ કરવામાં આવતું નથી. જો સીસીટીવી કેમેરા ચાલુ હોત તો આ કેસમાં વધુ મજબુત મળી શકી હોય જેથી કોલેજ દ્વારા સીસીટીવી કેમેરાથી સતત મોનીટરીંગ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

### સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરનું નાટક યુથ ફેસ્ટિવલમાં પસંદગી પામ્યું

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજીત યુથ ફેસ્ટીવલ તાજેતરમાં યોજાઈ ગયો. જેમાં ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજ નાટક (એકાંકી) રજુ કર્યુંહતું. જે શ્રેષ્ઠ ત્રણ નાટકોમાં પસંદગી પામ્યું છે. નાટકમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ જયદીપ વ્યાસ, પૂજન પટેલ, પ્રીતી પટેલ, રવિ પટેલ, હર્મિલ જોષી, જગદીશ ગરાસીયા, હેમેન્દ્ર તથા જયમીન પટેલ અને દિગ્દર્શક મૌલિકરાજની ઉત્કૃષ્ટ કામગીરી રહી હતી. નેપદયના કલાકારો હેતસ્વી ચૌધરી, કૃતિકા દેત્રોની અને હિમાની રાવલે પ્રોડક્શનની કામગીરી બજાવી હતી. વિજ્ઞાન કોલેજના પ્રિન્સિપાલ ડૉ. પ્રજ્ઞાબેન વાઢેરે સૌને પ્રોત્સાહિત કરી અભિનંદન આપ્યા હતા. તેમજ સાંસ્કૃતિક સમિતિના ચેરમેન વૈશાલીબેન પાઠકે ટીમવર્ક કરી સફળતા મેળવવામાં મદદરૂપ બન્યા હતા.

### ચૌધરી કોલેજને એએએ દ્વારા ગ્રેડ-૧ અપાયો

ગાંધીનગર, તા. ૨૪

સેક્ટર-૭માં આવેલ ચૌધરી મહિલા કોલેજને એ.એ.એ. વિઅર ટીમ દ્વારા ગ્રેડ-૧ આપવામાં આવ્યો છે. નોલેજ કોન્સરટીયસ ઓફ ગુજરાત દ્વારા નિયુક્ત ટીમે કોલેજમાં એકેડેમિક મેનેજમેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસિલીટી સહિતનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ટીમે સંપૂર્ણ રીતે અભ્યાસ કરી કોલેજને એ.એ.એ.નો ગ્રેડ-૧ આપ્યો છે આ પ્રસંગે કોલેજ પરિવારે એ-ગ્રેડ મળવાથી ખુશી વ્યક્ત કરી છે.

### ડેમોક્રેટિક એસોસિએશનની બેઠક મળી

ગાંધીનગર, તા.૨૪

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગર કાર્યવાહક સમિતિની બેઠક યોજવામાં આવી હતી. ભાનુકાન્ત પરમારના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. બેઠકમાં એસ.સી., એસ.ટી.ના વિદ્યાર્થીઓને સરકાર તરફથી ફ્રી કાર્ડ આપવામાં આવ્યું છે છતાં કોલેજ સત્તા મંડળ ફી ઉઘરાવે છે સહિતના પ્રશ્નની ચર્ચા કરવામાં આવી હતી તેમજ સિસિકા દ્વારા સંસ્થાના પ્રવક્તા ડી.એમ. પરમારનું વિશિષ્ટ કામગીરીને લઈને સેવા સિદ્ધ એવોર્ડ ૨૦૧૪ આપવામાં આવ્યો છે તેને લઈને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

ગાંધીનગર સમાચાર

### હરિની દૃષ્ટિ...




જો જે ૨૦૧૫નાં વાઇબ્રન્ટ નવરાત્રીનાં પાસ મેળવવાની તકલીફ થવાની...!! લાગે છે હવે બધી વાઇબ્રન્ટ નવરાત્રીનું આયોજન માર્સ પર જ થશે...!!

## નવરાત્રીમાં સવા કરોડ નર્વાણ મંત્ર લેખન કરાશે

ગાંધીનગર, તા. ૨૪

જય અંબે પરિવાર રજત જયંતિ વર્ષની ઉજવણી કરશે. પરિવાર માતાજીની આરાધના કરી રજત જયંતિ ઉજવશે. ચાલુ વર્ષ દરમિયાન સવા કરોડ નર્વાણ મંત્રનું લેખન કરશે. ત્યારે નવરાત્રીના પર્વમાં માની આરાધના કરવા ઈચ્છુક ભાવિકોને નર્વાણમંત્ર લેખન બુક, લાલ પેન વિનામૂલ્યે આપવામાં આવશે. જે લલીત પટેલ પ્લોટ નં. ૯૭૬/૨, સે. ૧૩-બી, કાન્તીભાઈ પટેલ, સી-૧૪ શાંતિનગર વાવોલ, વિ.જે. પટેલ પ્લોટ નં. ૯૩૮/૧, સે. ૭-સી, સતીષ પટેલ, પ્લોટ નં. ૮૫૦/૨, સેક્ટર-૪-સી, અને અશોક પટેલ પ્લોટ નં. ૩૬૮/૨, કિસાનનગર સેક્ટર-૨૬ ખાતેથી મેળવી લેવાના રહેશે.

### લયબદ્ધ શ્વસનથી સ્વાસ્થ્ય શરીર પર કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૪

શહેરના સેક્ટર-૧૨ માં આવેલ બલરામ ભવનના ભોયતળીયે તા. ૨૬ થી ૨૮ દરમિયાન સવારે ૮ થી ૯ વાગે લયબદ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થનો નિ:શુલ્ક કાર્યક્રમ યોજાશે. તાવરિયાજી ગૃપ દ્વારા શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિશેની માહિતી આપવામાં આવશે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪માં પોર્ટ પર્સનાલિટી ઓફ ધ યર એવોર્ડ કોને અનાયત કરવામાં આવ્યો હતો ?
➜ **ડો. પી.ડી. વાઘેલા**
૨. ૨૦૧૩માં ગુજરાતના નવા જાહેર થયેલા તાલુકાઓ પૈકીને નેંત્રગ તાલુકાની રચના મૂળ કયા બે તાલુકામાંથી થઈ છે ?
➜ **ઝઘડીયા અને વાલીયા**
૩. ૨૦૧૩માં નવા જાહેર થયેલા તાલુકાઓ પૈકી જોટાણા તાલુકાની રચના કયા બે મૂળ તાલુકામાંથી થઈ છે ?
➜ **કડી અને મહેસાણા**
૪. ૨૦૧૩માં નવા જાહેર થયેલા તાલુકાઓ પૈકી ધોલેરા તાલુકાની રચના કયા બે તાલુકામાંથી થઈ છે ?
➜ **બરવાળા અને ધંધુકા**
૫. ૨૦૧૩માં નવા જાહેર થયેલ તાલુકાઓ પૈકી જૂનાગઢ સીટીની રચના કયા તાલુકામાંથી થઈ છે ?
➜ **જૂનાગઢમાંથી**
૬. ૨૦૧૩માં નવા જાહેર થયેલા તાલુકાઓ પૈકી વસો તાલુકાની રચના કયા બે તાલુકા પૈકી થઈ છે ?
➜ **માતર અને નડિયાદ**
૭. ૨૦૧૩માં નવા જાહેર થયેલ તાલુકાઓ પૈકી પોશીના તાલુકાની રચના કયા તાલુકામાંથી થઈ છે ?
➜ **ખેડબ્રહ્મા**
૮. ૨૦૧૩માં નવા રચાયેલા તાલુકા પૈકી ગળતેશ્વર તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે ?
➜ **ઠાસરા**
૯. ૨૦૧૩માં નવા રચાયેલ તાલુકા પૈકી ખેરગામ તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે ?
➜ **ચીખલી**
૧૦. ૨૦૧૩માં નવા રચાયેલા તાલુકા પૈકી વિંછીયા તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે ?
➜ **જસદણ**
૧૧. ૨૦૧૩માં નવા રચાયેલા તાલુકા પૈકી થાનગઢ તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે ?
➜ **ચોટીલા, મૂળી, સાયલા**
૧૨. ૨૦૧૩માં નવા રચાયેલા તાલુકા પૈકી લાખણી તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે ?
➜ **ડિસા, દિયોદર, થરાદ**
૧૩. ૨૦૧૩માં નવા રચાયેલા તાલુકા પૈકી જેસર તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે ?
➜ **મહુવા, ગારિયાધાર, પાલિતાણા**
૧૪. ૨૦૧૩માં નવા રચાયેલા તાલુકા પૈકી ગોઝારિયા તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે ?
➜ **કડી, મહેસાણા, વિજાપુર, વિસનગર**
૧૫. ૨૦૧૩માં નવા રચાયેલા તાલુકા પૈકી સુબીર તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે ?
➜ **ડાંગ**
૧૬. ૨૦૧૩માં નવા રચાયેલા તાલુકા પૈકી વઘઈ તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે ?
➜ **ડાંગ**
૧૭. ૨૦૧૩માં નવા રચાયેલા તાલુકા પૈકી વાપી તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે ?
➜ **પારડી**
૧૮. ૨૦૧૩માં નવા રચાયેલા તાલુકા પૈકી ડેસર તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે ?
➜ **સાવલી**
૧૯. ૨૦૧૩માં નવા રચાયેલા તાલુકા પૈકી સુઇગામ તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે ?
➜ **વાવ**
૨૦. ૨૦૧૩માં નવા રચાયેલા તાલુકા પૈકી શંખેશ્વર તાલુકાની રચના કયા તાલુકામાંથી થવા પામી છે ?
➜ **સમી**

## નવરાત્રીમાં યુવાનો સામે ચિંધાતી આંગળી યૌવન માટે એક ચેલેન્જ બની જાય છે...

### સમાજ ચિંતન

પોપટલાલ પ્રજાપતિ

રોશનીની ઝાકળઝોળ અને ગરબાની રમઝટ સાથે દુનિયાના સૌથી લાંબા લોક નૃત્ય ઉત્સવનો પ્રારંભ થઇ ચૂક્યો છે. યુવાનોને અતિપ્રિય એવો આ તહેવાર યુવાનો મન મૂકીને મનાવે છે, જાણે કે નવરાત્રિના ઉત્સવે દીપાવલીની રોશની છીનવી લીધી હોય તેવું વાતાવરણ સર્જાય છે. નાના બાળકો પણ મોલ્લા માતાની સ્થાપના દ્વારા જગદંબાની પૂજા અર્ચના, આરતી કરે છે. આ તહેવાર એ અબાલવૃદ્ધ સૌનું માનીતું પર્વ છે. પણ નરવાત્રી ઉત્સવમાં સરકાર દ્વારા મુકાતા પ્રતિબંધો ખેલૈયાનો ખેલ બગાડી નાખે છે.

નવરાત્રી એ આરાધનાનું અને ઉપાસનાનું પર્વ છે. છેડતીનું કે ઠઠ્ઠા મશ્કરીનું નહિ, દારૂ પીને છાકટા બની બેફામ બનવાનું આ પર્વ નથી. યુવાન દીકરા દીકરીઓ ભક્તિ ભાવથી માની આરાધના કરી શકે અને તેમનામાં ભક્તિ પ્રત્યે શ્રદ્ધા જાગે એવું સંસ્કૃતિના રખોપા કરનારું આ પર્વ છે. પણ છેલ્લા કેટલાક વર્ષોથી પાર્ટી પ્લોટ કે શેરી ગરબામાં ગરબાની રમઝટ મચાવતા યૌવન સામે લોકો આંગળી ચીંધતા થયા છે. કેટલાક ગણ્યાં ગાઠ્યા યુવાનોને કારણે આળું પર્વ લજવાતું હોય તો યુવાનો માટે એક ચેલેન્જ બની જાય છે, આ દુષિત પરિબળો સામે જાતો જ તકેદારી રાકવાની, પોતાનો મિત્ર કે મિત્રવૃંદ કદાચ આવી હરકતો કરે તો યુવાનોએ જાતે જ તેમને પોલીસના હવાલે કરી જનતાનો વિશ્વાસ કેળવવાની કપરી જવાબદારી હવે યુવાનોએ જાતે જ બજાવવી રહી. એક કહેવાતા સુફી સંત ત્યાં સુધી કહી નાખ્યું કે નવરાત્રી કે ધાર્મિક તહેવાર નહીં રહ્યો. પણ ફિલ્મી ગીતો પર ગાવું, નાચવુ અને ગરબામાં દારૂ પીને આવવું એ રાક્ષસીવૃત્તિ છે. યૌવન સામે આ પ્રકારની તીખી પ્રતિક્રિયા વ્યક્ત થાય ત્યારે યુવાનોએ સાવધાન બની તેમની નૈતિકતા સામે ચિંધાતી આંગળીનો હકારાત્મક પ્રત્યુત્તર આપી આવા લોકોની બોલતી બંધ કરી દેવી જોઇએ.

કેટલાક ગરબાના આયોજકો પણ હૈયાવરાળ કાઢતા હોય છે કે નવરાત્રીમાં ગરબે ઘુમતા યુવાનોમાં કયાંક દારૂની વાત આવે છે. આવી ઘટનાઓ ન બને કે કયાંક અસામાજિક તત્ત્વો દરબાની ગરીમાને લાંછન ન લગાડે તે માટે યુવાનો જાતે જ નવરાત્રી પર્વના પહેરેદારો બની આવા તત્વો સામે લાલ આંખ કરી સબક શીખવાડે એ વર્તમાન સમયની માંગ છે. નવરાત્રીના નવ દિવસ રાત્રે ઢોલીના તાલ સાથે શરૂ થતો યૌવનનો થનગનાટ ઢોળી થાકે નહીં ત્યાં સુધી અવિરત ચાલ્યા કરે છે. ગરબાની બહાર શું ચાલી રહ્યું ચે એનું એમને ભાન હોતું નથી તો પછી એવા કોણ તત્ત્વો છે જે નવરાત્રી પર્વને કલંકિત કરે છે? અને પોલીસની નીંદ હરામ કરી નાખે છે? દરેક ગરબામાં સી.સી. ટીવી કેમારા કે મેટલ ડિટેક્ટર લગાવવાનું ફરજીયાત કરવું પડે એવી નોબત આવી જ કેમ? રાત્રીના ૧૨ના ટકોરે ગરબા બંધ કરાવવાની સુપ્રીમ કોર્ટે તાકીદ કરવી પડે તે ચિંતાનો વિષય નથી? કારણ કે ૧૨ વાગે તો ગરબા એના અસલ મિજાજમાં આવે છે આ દેશના વડાપ્રધાન નવરાત્રીના નવ દિવસ ઉપવાસ કરતા હોય છે, સોનિયા ગાંધી દૂર્ગાપૂજામાં વિશ્વાસ ધરાવતા હોય, રાજીવ ગાંધી વડાપ્રધાન બન્યા પછી સપરિવાર દુર્ગાદેવીના દર્શન જતા હોય એટલું બધું મહત્ત્વ ધરાવતું આ પર્વ પ્રતિબંધોના ઘેરામાં આવી જાય તે આપણા માટે ચિંતાનો વિષય નથી? અને તે પણ ગણ્યા ગાંઠ્યા લોકોને કારણે?

ખાસ કરીને ગરબા એ પ્રૌઢ મહિલાઓ માટેનું પર્વ હતું. તેઓ જાતે જ એક નાનકડું કુંડાળું રચી જાતે જ ગરબા ગાતા અને એક સાથે ઝીલતા. તેમાં ભુલેચુકે કોઇ પુરૂષ પ્રવેશી શકતો નહીં. હવે સમય બદલાયો છે યુવતીઓ સાથે યુવકો પણ એટલી જ તન્મયતાથી ગરબે ગુમે છે. ગરબાના આયોજનમાં યુવકો જ લખલૂટ ખર્ચ પણ કરે છે પણ આ ભક્તિસભર મોંઘેરા પર્વમાં અઘટીત ઘટનાઓ માટે જવાબદાર કોણ છે? યૌવન તો નથી જ. પણ કેટલાક બદનામ ફીકરાઓ આખા પર્વને કલંકિત કરતા હોય તો આવા તત્ત્વો સામે ખુદ યુવાનો જાગૃત બને... કારણ કે આંગળી યુવાનો સામે ચિંધાય છે...

હજારો વર્ષોથી આપણે શક્તિની ઉપાસના કરતા આવ્યા છીએ. મહાભારતના યુદ્ધમાં અને રામાયણના યુદ્ધમાં પણ દુર્ગાની પૂજા કરવામાં આવી હતી. ભગવાન કૃષ્ણે અર્જુનને દુર્ગાપૂજા કરવા પ્રેરણા આપી હતી. હિન્દુસ્તાનની પરંપરામાં શક્તિપૂજાને મહત્ત્વ અપાયું છે અને આ શક્તિપૂજાનો મહિમા યુવાનોમાં પણ વધતો જાય છે પગપાળા ચાલતા સંઘોમાં યુવાનો વિશેષ પ્રમાણમાં હોય છે. કૃષ્ણ જન્મ મહોત્સવમાં દહી-હાંડીનો કાર્યક્રમ યુવાનો સિવાય કોઇ કરી ન શકે. પ્રત્યેક પાર્ટી પ્લોટમાં યુવાનો ન હોય તો ગરબાની જમાવટ જ ન થાય. આ શક્તિ પર્વની ઉજવણી સામે પ્રતિબંધો આવે અને તેમાં યુવાનોને દોષિત ઠરાવવામાં આવે તો યુવાનો માટે આ એક ચેલેન્જ બની જાય છે.

પ્રત્યેક પાર્ટી પ્લોટમાં એવા વાતાવરણનું નિર્માણ કરવામાં આવે કે સરકાર નચિંત બની જાતે જ પ્રતિબંધો ઉઠાવી લે. યુવાનો માટે એક પડકાર આવીને ઊભો છે અને યૌવને આ ચેલેન્જ ઉપાડવી જ રહી. શક્તિની આરાધનાના પુનિત પર્વને દાગ લગાડવા દોષિતોને જાતે જ પકડી પોલીસને હવાલે કરી તો તમારી ઉપાસનાને ચાર ચાંદ લાગશે. ઉપાસનામાં કદી પાબંદી ન હોઇ શકે. ધાર્મિક શ્રદ્ધાની કોઇ ઠઠ્ઠા મશ્કરી ન કરી શકે. શક્તિ ઉપાસના કોઇની મહેરબાનીની મુહતાજ ન હોઇ શકે. અને છતાં દર વર્ષે તેના પર કડક નિયંત્રણઓ મુકાતા હોય તો સમાજે આ બાબતે ચિંતન કરવું જ રહ્યું - આને ધર્મ પરનું આક્રમણ નહિ સમજતા ધર્મમાં પેસી ગયેલ સડાને દૂર કરવાનું અલ્ટીમેટમ છે એમ માની આ સડા પર નસ્તર મુકવાની હિંમત કેળવવી રહી. નવરાત્રી એ માતૃશક્તિના આદરનું પર્વ છે.

નવરાત્રીના પર્વમાં ધાર્મિક ભાવના લુપ્ત થાય તે હરગિઝ ચલાવી ન લેવાય જે લોકો આ પર્વને મનોરંજન પર્વ બનાવી રહ્યા હોય તેમને રૂકઝાવ કહેવાનો સમય આવી ગયો છે. નવરાત્રીમાં હાથમાં દાંડીયા હોય અને મોઢા દુર્ગંધ મારતા હોય એવા ગણ્યા ગાંઠ્યા લોકોને નિર્દયતાથી કચડી નાખવા પોલીસ સ્ટેશનનો રાહ બતાવી દેવો પડશે. નહિતર ગરબા પર્વ એ આરાધના પર્વ નહિ રહેતા ડાન્સ ફેસ્ટીવલ બની જશે. અને કેટલાક સુફી સંતોને ધાર્મિક પર્વની ઠેકડી ઉડાવવાનો મોકો મળી જશે. યુવાનો, આ પર્વ ફક્ત તમારા માટે છે. ભાતીગળ ડ્રેસ પહેરી સંગીત અને વાજિંત્રના તાલે રાતભર ઝુમો તમારા પર કોઇ પ્રતિબંધ ન હોઇ શકે, પણ ધર્મની મર્યાદાનો ભંગ ન થાય એ ધ્યાન રાખવું જ પડશે. નહિતર નવરાત્રી દરમિયાન જ મા દુર્ગાએ આસુરી તત્ત્વનો નાશ કરેલો એ વાત પણ કોઇ ન ભૂલે...